વિરૂધ્ધ :- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા સાવરકુંડલા

### જાહેર નોટીસ

આથી લાગતા વળતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી મંજુલાબેન લાલજીભાઈ ઝાલાવાડીયા એ તેમના પુત્રીનો જન્મ સાવરકુંડલા મુકામે તા.૦૬-૧૧-૧૯૯૬ ના રોજ થયેલ છે જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણીની માંગણી કરતા જે બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારશ્રી મંજુલાબેન લાલજીભાઈ ઝાલાવાડીયાના પુત્રી શ્રી સોનલબેન લાલજીભાઈ ઝાલાવાડીયા ના જન્મની નોંધ જન્મ રજીસ્ટરમાં સને ૧૯૯૬ માં જોતા થયેલ નથી. હાલ સરકારી કામે જરૂરીયાત ઉભી થતા,જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખ્યાતર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૨૭-૦૩-૨૦૨૪ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે તો વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે. આજ તા.૧૪/૦૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો — સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૩-૦૩-૨૦૨૪ શનિવાર

# અર્થતંત્રના અસલી હીરો રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાન્ત દાસ છે, નિર્મલા નહિ !

કારમા કોરોનાકાળ પછી દેશ આર્થિક પુનઃપ્રાપ્તિ પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યો હતો અને હજુ પણ એ પ્રક્રિયા ચાલુ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪ માં જીડીપી ટકાથી વધુ વૃદ્ધિ પામે તેવી અપેક્ષા છે. અગાઉ તે છ થી ૬.૫ ટકા વચ્ચે રહેવાનો અંદાજ હતો. અગાઉ, નાણાંકીય વર્ષ ૨૦૨૩ માં સાત ટકા વૃદ્ધિ હાંસલ કરવામાં આવી હતી અને નાણાંકીય વર્ષ ૨૨ માં ૯.૭ ટકા વૃદ્ધિ હાંસલ કરવામાં આવી હતી. વૃદ્ધિમાં કેટલીક અસમાનતા છે. ખાસ કરીને કૃષિક્ષેત્ર હજુ સંઘર્ષ કરે છે પરંતુ સુધારાઓ હકારાત્મક રીતે આશ્ચર્યજનક રહ્યા છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આ સુધારામાં મહત્વની ભૂમિકા ભજવી છે પરંતુ તેની જેટલી પ્રશંસા થવી જોઈએ એટલી થઈ નથી. જેમ બતક પાણીની નીચે પાણી પર સરળતાથી તરતું હોય છે ત્યારે તે પોતાના પગથી પાણીને ખૂબ જ ઝડપથી કાપતું રહે જેને પેડલિંગ કહેવાય, તેવી જ રીતે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ દેશને મોટા વૈશ્વિક આંચકાઓથી બચાવ્યો છે, જ્યારે અન્ય ઘણા દેશો તૂટી પડ્યા છે.

રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાન્ત દાસને ભલે કોઈ એક ગુલાબનું ફૂલ ન આપે પરંતુ એમની મહેનત દાદ આપવા યોગ્ય છે. પ્રથમ, ભારત ફુગાવામાં તીવ્ર વધારો કર્યા વિના પછીની પુનઃપ્રાપ્તિ હાંસલ કરવામાં સફળ રહ્યુ છે. વૈશ્વિક નાણાંકીય કટોકટી પછી આપણે મોંઘવારી સાથે સંઘર્ષ કરવો પડ્યો. તેનું એક કારણ વૈશ્વિક ભાવ વધારો છે. ઈ. સ. ૨૦૧૨-૧૩માં, ઓઈલની કિંમતો તાજેતરના વર્ષો કરતાં ઘણી ઝડપથી વધી અને ભારતે તેની મોટાભાગની જરૂરિયાતો સબસિડીવાળા રશિયન ક્રૂડની મદદથી પૂરી કરી. જોકે, સફળતાનો ભાગ નાણાંકીય નીતિમાં રહેલો છે, જે રોગચાળા દરમિયાન હળવી કરવામાં આવી હતી પરંતુ તેને સંપૂર્ણપણે નિયંત્રણમાંથી બહાર આવવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

વૈશ્વિક નાણાંકીય કટોકટી પછી દુનિયાના મહત્ અર્થતંત્ર સંપૂર્ણપણે નિયંત્રણ બહાર ગયા. તે પછી, રિયલ રેપો રેટ એટલે કે રિઝર્વ બેંકના રેપો રેટ, જે ફુગાવાને બાદ કર્યા મેળવે છે, તેને ૨૦૦૯માં નકારાત્મક ૫ ટકાની મંજૂરી આપવામાં આવી હતી, જ્યારે ૨૦૧૦માં તે નકારાત્મક ૬.૨ ટકા થઈ ગઈ હતી. તે પછીના ત્રણ વર્ષ સુધી તે નકારાત્મક જ રહ્યા.

લાંબા સમય સુધી ઉચ્ચ રાજકોષીય ખાધના સ્તરને જાળવી રાખવા ઉપરાંત, તે સુનિશ્ચિત કરે છે કે ફુગાવો ૨૦૦૯ થી ૨૦૧૩ ના વર્ષના સમયગાળા માટે એલિવેટેડ રહે. તેનાથી વિપરિત, નાણાંકીય નીતિ ઢીલી કરીને રોગચાળાને કારણે નબળી પડેલી આર્થિક સ્થિતિનો સામનો કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા અને ૨૦૨૦ થી ૨૦૨૨ સુધી વાસ્તવિક રેપો રેટ ફરીથી નકારાત્મક રહ્યા હતા. આ સમયગાળા દરમિયાન ફુગાવો વધ્યો અને રેપો રેટ પોઝિટિવ એડજસ્ટમેન્ટ સાથે ૬.૫ ટકા થયો વાસ્તવિક રેપો રેટ પોઝિટિવ બન્યો. પરિણામે, ભારતનો ફુગાવાનો દર મર્યાદિત રહ્યો છે અને હવે ઘટી રહ્યો છે.

બીજું, હાલના રિઝર્વ બેન્કના સંચાલકો એ પણ ભૂલ્યા નથી કે તેમનું કામ વૃદ્ધિ અને ફુગાવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. ઈ. સ. ૨૦૧૫ માં જ્યારે ફુગાવાના લક્ષ્યાંકની શરૂઆત થઈ, ત્યારે રિઝર્વ બેંકે સમય સુધી, એટલે કે ૨૦૧૫ થી ૨૦૧૯ સુધી વાસ્તવિક રેપો રેટ હકારાત્મક બે ટકાથી ઉપર રાખ્યો. તે સમયે રિઝર્વ બેંકે ફુગાવા અંગે ખૂબ જ ઉત્સાહ દર્શાવવાનું શરૂ કર્યું અને આર્થિક વૃદ્ધિની અવગણના કરવાનું શરૂ કર્યું.

નાણાંકીય નીતિ સમિતિને માર્ગદર્શન આપતી રિઝર્વ બેંકની ફુગાવાની અપેક્ષાઓ વાસ્તવિક ફુગાવા કરતાં સતત ઊંચી છે. પરિણામે, રિઝર્વ બેંકે રેપો રેટ ખૂબ જ ઊંચો રાખ્યો અને ઈ. સ. ૨૦૧૭ થી ૨૦૧૯ સુધી સરેરાશ ૨.૫ ટકાથી વધુ રહ્યો, જ્યારે વાસ્તવિક ફુગાવો આ સમયગાળા દરમિયાન ઘટ્યો. પરિણામે, જીડીપી વૃદ્ધિ ૨૦૧૬માં ૮.૨ ટકાથી ઘટીને ૨૦૧૯માં ૩.૯ ટકા થઈ ગઈ. સામાન્ય સમયમાં, વાસ્તવિક રેપો રેટને એક ટકાની આસપાસ એ વૃદ્ધિ અને ફુગાવા વચ્ચે યોગ્ય સંતુલન છે અને રિઝર્વ બેંક તેને ચૂકી ગઈ છે. આ ઉપરાંત વૈશ્વિક નાણાંકીય કટોકટી દરમિયાન અને તાજેતરના સમયમાં રિઝર્વ બેંકનું ચલણ સંચાલન પણ તદ્દન અલગ-અલગ રહ્યું છે. જ્યારે યુએસ સેન્ટ્રલ બેંક, ફેડરલ રિઝર્વ અને અન્ય કેન્દ્રીય બેંકોએ જથ્થાત્મક સરળતા અપનાવી, ત્યારે ભારત અને અન્ય ભાગોમાં નાણાંપ્રવાહમાં વધારો થયો જેનાથી મેક્રોઈકોનોમિક મેનેજમેન્ટ જટિલ બની ગયું. રિઝર્વ બેન્કે વિદેશી હુંડિયામણના ભંડારને એવી અપેક્ષા સાથે બનાવવું જોઈએ કે એક દિવસ આ ઈનવર્ડ રકમ આઉટગોઈંગ રકમ બની જશે. ભારતે તેના વિદેશી મુદ્રા ભંડારમાં વધારો કર્યો પરંતુ આ વધારો બહુ વધારે ન હતો. તે ઈ. સ. ૨૬૪ બિલિયન ડોલરથી વધીને ઈ. સ. ૨૦૧૧ માં માત્ર ૩૦૫ બિલિયન ડોલર થઈ ગયું. જે બાદ તે વધારો થંભી ગયો હતો. ઈ. સ. ૨૦૧૪ સુધીમાં, વિદેશી વિનિમય અનામત ફરી ઘટીને ૨૯૨ બિલિયન ડોલર થઈ ગઈ હતી.

ભવિષ્યમાં, જ્યારે મેક્રો-ઈકોનોમિક સ્થિતિ સામાન્ય બનશે, ત્યારે રિઝર્વ બેન્ક અન્ય સંસ્થાકીય સુધારાના મુદ્દાઓ પર આપી શકે છે. ઉદાહરણ તરીકે, સરકારના દેવાના સંચાલનમાં તેની ભૂમિકા અથવા વૈધાનિક પ્રવાહિતા ગુણોત્તરનો ઉપયોગ. આ બંને બોન્ડ માર્કેટના વિકાસને અવરોધે છે. પરંતુ અત્યાર સુધી રિઝર્વ બેંકે નાણાકીય નીતિ, વિદેશી વિનિમય અને વિનિમય દર નીતિનું પ્રશંસનીય રીતે સંચાલન કર્યું છે જેણે ભારતને કટોકટી અને વૈશ્વિક આંચકાઓને દૂર કરવામાં મદદ છે. પેટીએમ અંગેની તેની તાજેતરની કડક કાર્યવાહીએ નિયમનકાર તરીકે પણ સારો મેસેજ આપ્યો છે. આ બધા યશના મુખ્ય ભાગીદાર ગવર્નર શક્તિકાન્ત દાસ છે.

# દામનગરમાં વેપારી સાથે સાડા સાત લાખની છેતરપિંડી

## અમરેલી અને માંડવડાના બે શખ્સોએ વિશ્વાસ આપી છેતરપિંડી કર્યાની દામનગર પોલીસમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર) દામનગરના પેવર બ્લોકના વેપારી હિંમતભાઈ મધુભાઈ આલગીયા ઉ.વ.૫૪ પાસેથી અમરેલી ગજેરા પરામાં રહેતા નિતીન બેચરભાઈ વાગદોડીયા તેમજ અમરેલી તાલુકાના માંડવડા ગામના જગદિશ મનુભાઈ પોકળ ૧૫-૧-૨૨ના પેવર બ્લોક કુલ ૨૬૪ બ્રાસ રૂા.૭,૫૮,૦૦૦ વેચાણથી લઈ જઈ રકમ કામ પુર્ણ થયે આપવા વિશ્વાસ આપી રૂા.૭,૫૮,૦૦૦ની રકમ હિંમતભાઈને નહીં આપી છેતરપિંડી કર્યાની દામનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# દામનગરમાં પ્રૌઢનું પડી જતાં હેમરેજ થવાથી મોત

## અચાનક પડી જતાં કપાળ તથા નાકના ભાગે ગંભીર ઇજા થયેલ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર) દામનગરમાં મુળ એમપીના હાલ દામનગર નગરપાલિકાના પાણીના ટાંકામાં મજુરી કામ કરી કોદરસિંહ હકરૂ શિગાંડ ઉ.વ.૪૦ તા.૨૧-૩ના બપોરે પાણીના ટાંકાની બહાર હાઉતડ રોડ ઉપર જતાં અચાનક પડી જવાથી કપાળ તથા નાકના ભાગે ગંભીર ઈજા થયેલ જેથી બ્રેઈન હેમરેથ થવાની મૃત્યુંપામ્યાનું જીતેન્દ્ર ધર્મા શિંગાડે દામનગર પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# સાવરકુંડલામાં પેપર સારૂ જતાં વિદ્યાર્થીએ જયશ્રી રામ બોલતા વિધર્મી યુવાનનો હુમલો

## યુવકને મારમારી પિતાને ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર) સાવરકુંડલામાં મહમદ અતિફ ઈમરાનભાઈ કુરેશીને પેપર સારૂ ગયેલ ન હોય અને પ્રકાશભાઈ શાંતિભાઈ છાટબારના દિકરાને પેપર સારૂ જતાં તે આનંદમાં આવી જયશ્રી રામ બોલતો હોય જેથી મહમદને સારૂ નહીં લાગતા લાફો મારી અલ્ફાજ આરીફભાઈ કુરેશીએ પ્રકાશભાઈના દિકરા સાથે માથાકુથ કરી પ્રકાશભાઈની દુકાને જઈ તેમને ધમકી આપ્યાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જસવંતગઢમાં બે જુથ વચ્ચે મારામારી

## પથ્થર અને લાકડી વડે મારમારી ઇજા કરી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર) અમરેલી તાલુકાના જસવંતગઢ ગામે કેશુભાઈ મધુભાઈ મેસિયા ઉ.વ.૭૨ દુકાને ઉભા હોય ત્યારે ઘનશ્યામ જયંતિભાઈ દેસાઈએ આવીને કહેલ કે પાંચ મહિના પહેલા તુ કેમ મારા ઘર ઉપર પથ્થરના ઘા મારતો હતો તેવું કહી કેશુભાઈનો કાઠલો પકડી જમીન ઉપર પછાડી પથ્થરના બે ત્રણ ઘા મારી કપાળ તેમજ માથાના ભાગે ઈજા કરી ધમકી આપ્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે ઘનશ્યામભાઈ જયંતિભાઈ દેસાઈએ કેશુ મધુભાઈ મેસિયા સામે અગાઉના મનદુઃખના કારણે ગાળો બોલી લાકડી વડે મારમારી જમીન ઉપર પછાડી માથામાં કપાળ ઉપર પથ્થર મારી ઈજા કરી ધમકી આપ્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારીના ક્રાંગસામાં ખોડિયાર માતાજી અને મામાદેવના મંદિરે તસ્કરોએ હાથફેરો કર્યો

## એક સોનાનું છતર અને ચાંદીના ૩૪ છતર મળી રૂા.૧૨,૨૦૦ની ચોરીની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) ધારી તાલુકાના ક્રાંગસા ગામે મેદપરા પરિવારના કુળદેવી ખોડિયાર માતાજી તથા મામાદેવના મંદિરે તા. ૧૩-૯-૨૩ના સવારના ૧૧:૦૦થી તા. ૧૪-૯-૨૩ના ૯:૦૦ દરમિયાન કોઈ તસ્કરોએ દરવાજાનો આગળો વાળી ખોડિયાર માતાજીના મંદિરેથી ૧૯ ચાંદીના નાના મોટા છતર રૂા.૫૭૦૦ તથા એક સોનાનું નાનુ છતર રૂા.૨૦૦૦ તેમજ મામાદેવના મંદિરેથી ૧૫ નાના મોટા ચાંદીના છતર રૂા.૪૫૦૦ મળી કુલ રૂા.૧૨,૨૦૦ના મુદામાલની ચોરી કરી ગયાની સુખપુરના પ્રકાશભાઈ બાબુભાઈ મેદપરાએ ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજુલા નજીક દાતરડી અને સાવરકુંડલામાં યુવતિઓ ગુમ

## ડુંગર પોલીસ મથક અને સાવરકુંડલામાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર) રાજુલા તાલુકાના દાતરડી ગામે રહેતી યુવતિ તા.૧૮-૩ના સવારે ઘરેથી કોઈને કહ્યા વગર ગુમ થયાનું યુવતિની માતાએ ડુંગર પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે સાવરકુંડલામાં તા.૨૦-૩ના યુવતિ કોઈને ઘરેથી જાણ કર્યા વિના ગુમ થયાનું યુવતિના પિતાએ સાવરકુંડલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# સાવરકુંડલામાં આઇસર વાહનમાં ઇંગ્લીશ દારૂની હેરાફેરી કરતા એક ઝડપાઇ ગયો

## ૧૯૮૦ બોટલ ઇંગ્લીશ દારૂ અને વાહન મળી રૂપિયા ૨૩,૮૬,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર) સાવરકુંડલા અમરેલી રોડ ગણેશ પેટ્રોલ પંપ પાસે રાજુલાના નિંગાળા ગામના કરણ ભરતભાઈ બાંભણીયાને આઈશર જીજે ૧૪ ઝેડ ૨૬૮૮માં દોરા વિટવાના કોકડાના પાર્સલની આડમાં જુદી જુદી બ્રાન્ડનો ઈંગ્લીશ દારૂ ૧૯૮૦ બોટલ રૂા.૩,૦૧,૨૦૦નો મુદામાલ ભાવેશ રણછોડભાઈ વાજા રહે. વિકટર તા.રાજુલાના કહેવાથી લાવી ઉપરોકત જણાવેલ જગ્યાએ વાહન સાથેનો કુલ મુદામાલ રૂપિયા ૨૩,૮૬,૨૦૦ના મુદામાલ સાથે એએસઆઈ કનાભાઈ સાંખટે ઝડપી પાડયો હતો. ભાવેશ તથા મુદામાલ મોકલનાર અજાણ્યા શખ્સે આર્થિક ફાયદો મેળવવા કાવતરૂ રચી બહારના રાજયમાંથી વિદેશી દારૂનો મુદામાલ મંગાવી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારી શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલીમાં હોળી રસીયા ફુલફાગ મનોરથ યોજાશે

## શ્રી દ્વારકેશ યુવક મંડળ ધારી દ્વારા હોળી પર્વે આયોજન

ધારી, સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને જણાવતા આનંદ થાય છે કે શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલી ધારીમાં તા.૨૪-૩ રવિવારના બપોરના ૩ થી સાંજના ૭ સુધી હોળી રસીયા ફુલફાગ મનોરથનું આયોજન શ્રી દ્વારકેશ યુવક મંડળ ધારી દ્વારા કરવામાં આવેલ છે. મુખ્ય મનોરથી શ્રીમતિ નીરૂબેન ધીરૂભાઈ માધવાણી મુંબઈ રસીયા કિર્તનનું રસપાન કરાવશે. અમીતભાઈ માણેકવાડાવાળા કિર્તન વૃંદ રમઝટ બોલાવશે તેમ રમણીકભાઈ સોજીત્રાની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી જિલ્લામાં વાહન ચાલક સહિત ૨૨ નસેડીઓ ઝડપાઇ ગયા

## જિલ્લામાં જુદા જુદા ૧૯ સ્થળોએ પોલીસે દેશીદારૂના દરોડા પાડી મુદામાલ સાથે ૪ મહિલા સહિત ૧૩ને ઝડપી લીધા

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર) અમરેલી જિલ્લામાં ધારી, જાફરાબાદ, નાગેશ્રી, બાબરા, મરીન પીપાવાવ, દામનગર, સાવરકુંડલા રૂરલ, અમરેલી શહેરમાંથી પોલીસે જુદા જુદા સ્થળોએથી એક વાહન ચાલક સહિત ૨૨ શખ્સોને નશો કરેલ હાલતમાં ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી.

જયારે જિલ્લામાં સાવરકુંડલા રૂરલ, લીલીયા, વડીયા, જાફરાબાદ, ખાંભા, બાબરા, ધારી, જાફરાબાદ મરીન, દામનગર, સાવરકુંડલા શહેર, રાજુલા, અમરેલી રૂરલ, બગસરા પોલીસે જુદા જુદા ૧૯ સ્થળોએ દેશી દારૂના દરોડાઓ પાડી મુદામાલ સાથે ૪ મહિલા સહિત ૧૩ શખ્સોની ઝડપી પાડયા હતાં.

# બગસરામાં નેત્રનિદાન કેમ્પ યોજાયો



બગસરા, (સમીર વિરાણી) જેસિઝ ગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે સ્વ. ભાદાભાઈ રણછોડભાઈ ભાલાળા, સ્વ. મણીબેન રણછોડભાઈ, સ્વ. ધનજીભાઈ ભાદાભાઈ ભાલાળા તથા સ્વ. ભાનુબેન ભાદભાઈના સ્મરણાર્થે ભરતભાઈ તથા રાજુભાઈ ભાલાળા પરિવારના સૌજન્યથી ૫૯૨ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રીરણછોડદાસજી બાપુ ચૈરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમાં દીપપ્રાગટ્ય કરી ભાલાળા પરિવાર તથા સંતો મહંતો દ્વારા કેમ્પને ખુલ્લો મુકાયો હતો આ કેમ્પમાં આપાગીગા ની જગ્યા ના કોઠારી હરિબાપુ તથા રામદેવપીર મંદિર ના મહંતઘુસાભગત ભરતભાઈ ભાલાળા રાજુભાઈ ભાલાળા હર્ષદભાઈ ડો સુમરા સાહેબ સુરાણી ભાઈ વિનુભાઈ ભરખડા આંખના દવાખાના પ્રમુખ પ્રકાશભાઈ રાણીંગા ઉપસ્થિત રહ્યા હતા આ કેમ્પમા મોતિયાના ૪૦ ઓપરેશન તથા ઓપેડી ૯૦ દર્દીઓને આંખની ચકાસણી કરવામાં આવી હતી જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે પરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા. ૨૩.૩.૨૦૨૪ શનિવાર, સંવંત ૨૦૮૦ ફાગણ સુદ તેરસ, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, વિષ્ટિ કરણ આજે બપોરે ૨.૧૯ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) ત્યારબાદ કન્યા (પ,ઠ,ણ) રહેશે.

## હોલિકા દહન પર જીવન પદ્ધતિમાં યોગ્ય ફેરફારથી ગ્રહો સુધારી શકાય છે!!

અગાઉ અત્રે લખ્યા મુજબ અરવિંદ કેજરીવાલજી માટે સમય કઠિન શરુ થયો છે જે વિષે અગાઉ અત્રે જણાવી ચુક્યો છું તો ગ્રહણ નજીક આવી રહ્યું છે તેમ દરેક ક્ષેત્રમાં ગતિવિધિ તેજ થઈ રહી છે આ ગ્રહણમાં બુધ પણ સહભાગી થતા હોય આયાત નિકાસ વ્યાપાર વાણિજ્ય શેરબજાર બેન્ક અને વીમા ક્ષેત્ર પર પણ વિશેષ અસર જોવા મળે વળી શનિ મહારાજના ઉદય પછી રાજકીય ગતિવિધિ અત્યંત તેજ બની છે જયારે મંગળ શનિ યુતિ વાતાવરણને વધુ ગરમ બનાવી રહ્યું છે, આ સમયમાં જ્વાળામુખી સક્રિય થવાની ઘટના પણ બની શકે! ૨૪ માર્ચ ને રવિવારના હોલિકા દહન આવી રહ્યું છે!! હકીકતમાં આ તહેવારને બરાબર સમજવાની



જરુરુ છે. હોલિકા દહન એ આપણી અંદરના ષડ્રિપુ એટલે કે છ શત્રુ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર (ઈર્ષા) નું દહન કરવાનું પર્વ છે! બહારના શત્રુ કરતા અંદરના શત્રુ વધુ ખતરનાક હોય છે! કોઈ વ્યક્તિ જયારે ખુબ અહમથી મોટી બની જાય છે ત્યારે તેને બહારની વ્યક્તિ નથી મારતી પરંતુ તેની અંદરની વૃત્તિઓ જ તેને મારવામાં જવાબદાર બને છે, જે આપણા તમામ શાસ્ત્રોનો નિચોડ છે માટે હોલિકા દહન પર આપણે આપણી જાતનું મનોમંથન કરી અંદરની ખરાબ વૃત્તિમાં થી બહાર આવવાનું છે!! આપણે આ પર્વ પર આપણી જાત સાથે કેટલાક વાયદા કરવા જોઈએ અને જીવન પદ્ધતિમાં ફેરફાર કરવા જોઈએ. જીવન પદ્ધતિમાં યોગ્ય ફેરફારથી ગ્રહો સુધારી શકાય છે!!

- મેષ (અ,લ,ઈ) : પરિસ્થિતિ ધીમે ધીમે તરફેણમાં આવે, વિધાર્થીવર્ગ એકાગ્રતાથી આગળ વધી શકે, સફળતા મળે, શુભ દિન.
- વૃષભ (બ,વ,ઉ) : નવી વસ્તુની ખરીદી કરી શકો, સુખ સગવડના સાધનો વસાવી શકો, દિવસ આનંદદાયક રહે.
- મિથુન (ક,છ,ઘ) : કાર્યમાં સફળતા મળતી જણાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, સામાજિક કાર્ય કરી શકો, શુભ દિન.
- કર્ક (ડ,હ) : પોઝિટિવ વાણીનો મહિમા સમજી શકો, તમારા સૌમ્ય વાણી-વર્તન થી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.
- સિંહ (મ,ટ) : આજના દિવસે કામકાજ માં સફળતા મળે, તમારા ક્ષેત્ર માં આગળ વધી શકો, પ્રગતિ થાય.
- કન્યા (પ,ઠ,ણ) : કાર્યમાં થોડો વિલંબ થતો જોવા મળે, બિનજરૂરી વિવાદો ટાળવા, બોલવા માં કાળજી રાખવા સલાહ છે.
- તુલા (ર,ત) : નવા સંબંધોમાં અને વર્તુળમાં સારું રહે, સગા સ્નેહી મિત્રો થી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
- વૃશ્ચિક (ન,ય) : નોકરિયાતવર્ગે કાળજી રાખવી પડે, સ્ત્રી વર્ગ નેમધ્યમ રહે, ધીમી પ્રગતિ જોવા મળે, સુંદર દીવસ.
- ધન (ધ,ભ,ફ,ઢ) : ઈષ્ટદેવના સ્મરણથી કાર્ય પાર પડે, નસીબ સાથ આપે, ધીમે-ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે.
- મકર (ખ,જ) : કેટલીક બાબતો મનમાં ખુચ્યા કરે, માનસિક વ્યગ્રતા જણાય, મન નું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.
- કુંભ (ગ,સ,શ) : રાજનીતિમાં અને જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.
- મીન (દ,ચ,ઝ,થ) : જીવન પદ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરત જણાય, તબિયતની કાળજી લેવી, ખાવાપીવા માં કાળજી લેવી, મધ્યમ દિવસ.

# વિજપડી ગામનાં સરપંચ આસુબેન ખોખરે અનેક વિકાસકાર્યો કરેલા

## આસુબેનનાં ગયા બાદ વર્તમાન સરપંચે વિકાસની કામગીરી હાથ ધરી



વિજપડી, સાવરકુંડલાનાં વિજપડી ગામનાં પ્રથમ મહિલા સરપંચ સ્વ. આસુબેન ખોખરની તબીયતનાં ખબર પુછતા પુર્વ સરપંચ યાકુબ રસભર્યા ગયેલ ત્યારે જોયુ તો જમણા બાવડા ઉપર ઈન્જેક્શનનાં કારણે પાક થઈ ગયેલ જેથી ડોક્ટર ઉપર ફરિયાદ વગેરે કાર્યવાહી કરવા બાબતે જણાવતા કહ્યું કે, યાકુબ હું સરપંચ એટલે ગામના વાલીનો દરજ્જો ધરાવુ છું. મારાથી ફરિયાદ ન કરાય તેવું કહેલું. આ મહિલાનાં વાણી વર્તનથી વાલીપણાનો સિધ્ધાંત યાદ આવી ગયો. ડોક્ટરની ફજેતી વગોવણી પણ ક્યાંય કરી નહીં તેમ યાકુબ રસભર્યાએ જુના સંસ્મરણો યાદ કરતા જણાવેલું.

સ્વ.આસુબેન ખોખરે પોતાના સેવાકાળ દરમિયાન અનેક વિસ્તારોમાં પેવીંગ સીસી રોડ, ગટર જેવા વિકાસ કાર્યો કર્યા હતાં. સાધુ સમાજની રામવાડીનો રોડ જુના સ્મશાનનો શેડ, સીસી રોડ દિવાલ વગેરેનાં વર્ક ઓર્ડર ગ્રાન્ટ આવી ગયેલ પરંતુ સંજોગો વસાત વિકાસકાર્યો વર્તમાન સરપંચનાં શીરે આવેલ છે. નવુ સ્મશાન છાપરી કબ્રસ્તાન દિવાલ, બગીચામાં પાણીનાં ટાંકા વગેરે નોંધપાત્ર કામગીરી કરેલ છે. બોરીંગદાર પણ કરવામાં આવેલ છે. આસુબેને નિર્ણય લીધો હતો તેમજ પાણીનો દાર પણ થયેલ છે. તેમ વિજપડી ગ્રામ પંચાયતનાં પુર્વ સરપંચ યાકુબ રસભર્યાએ જણાવ્યું છે.

# લીલીયામાં ક્રેડીટ કો. ઓ. સોસાયટીના ચેક રીટર્નના કેસમાં ત્રણ બાકીદારોને સજા કરાઇ

## ત્રણ બાકીદારોને લીલીયા અદાલતે કેસ ચાલી જતા ૬ માસની સજા અને ચેકની રકમનું વળતર ચુકવવા આદેશ

લીલીયા, (અશોક વિરાણી) લીલીયા ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીમાંથી સભાસદ કૃણાલભાઈ ધીરૂભાઈ હરસુરા, આકાશભાઈ મહેન્દ્રભાઈ ડોડીયા, મહેન્દ્રભાઈ કાંતિભાઈ ડોડીયાએ ધિરાણ મેળવી હપ્તા નહી ભરતા માંગણાની નોટીસ આપતા ત્રણેય બાકીદારોએ વ્યાજ તથા મુદલની ગણતરી કરી કૃણાલભાઈએ રૂ/.૨,૧૮,૯૦૦, આકાશભાઈએ રૂ/.૩,૧૦,૨૦૦ તથા મહેન્દ્રભાઈએ રૂ/.૫,૧૭,૦૦૦ ના ચેક આપેલ. જે ત્રણેય ચેક રીટર્ન થતા મંડળીના એમ.ડી. મગનભાઈ હરીભાઈ વિરાણીએ મંડળીના લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા અદાલતમાં ફોજદારી કેસ દાખલ કરતા કેસ ચાલી જતા ત્રણેય શખ્સોને છ છ માસની સાદી કેદની સજા તથા ચેકની રકમ વ્યાજ સહિત વળતરરૂપે મંડળીને ચુકવવા આદેશ કરેલ છે. આરોપીઓએ અદાલતમાં ગેરહાજર રહેલ હોય. જેથી આરોપી સામે સજા વોરંન્ટ ઈસ્યુ કરી એસ.પી. અમરેલીને ધરપકડ કરી જેલ હવાલે કરવા આદેશ કરવામાં આવેલ છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૮૦ થી ૧૫૮૦ મગફળી ૧૦૫૩ થી ૧૨૭૬

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૦૦-૧૨૪૫
શિંગમોટી-૧૦૫૩-૧૨૭૬
ધાણી-૧૩૬૦-૨૪૬૫
તલસફેદ-૨૨૯૦-૨૭૮૧
તલકાળા-૨૫૪૪-૨૯૭૨
એરંડા-૧૦૬૨-૧૧૨૦
ઘઉંટુકડા-૪૦૦-૬૬૧
ઘઉંલોકવન-૪૧૧-૬૬૨
મરચાલાંબા-૭૦૦-૫૮૦૦
ચણા-૯૦૦-૧૧૧૪
કપાસ-૯૮૦-૧૫૮૦
રાય-૯૨૦-૧૨૦૦
જીરૂ-૩૨૦૦-૪૯૦૦
ધાણા-૧૩૫૦-૧૯૬૫
સોયાબીન-૮૦૦-૮૧૮
તુવેર-૧૩૪૦-૨૧૩૦
રાયડો-૮૫૦-૯૪૫

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૮૦-૩૪૦
રીંગણા-૪૦૦-૫૦૦
ફલાવર-૨૪૦-૩૫૦
કોબીઝ-૧૬૦-૨૦૦
ટમેટાં-૧૫૦-૩૫૦
વટાણા-૧૦૦૦-૧૧૦૦
ગાજર-૨૨૦-૩૦૦
ગલકા-૫૦૦-૬૦૦
કાકડી-૩૦૦-૪૪૦
ગુવાર-૭૦૦-૧૪૨૦
દુધી-૨૪૦-૪૦૦
તુરીયા-૬૦૦-૧૦૦૦
ભીડો-૭૨૦-૮૨૦
આદુ-૨૨૦૦-૨૬૦૦
કોથમીર-૩૦૦-૪૦૦
મેથીભાજી-૩૦૦-૩૮૦
ટીંડોરા-૮૦૦-૯૦૦
લીમડોમીઠો-૧૨૦-૧૬૦
મરચાલીલા-૫૦૦-૯૦૦
લસણસુકું-૧૪૦૦-૨૨૦૦
લીંબુ-૧૬૦૦-૨૧૫૦
પાલક-૨૯૦-૩૯૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૭૧-૫૨૮
જુવાર-૫૨૦-૯૦૮
ઘઉં-૪૫૦-૬૩૧
ધાણા-૧૫૦૦-૧૬૫૧
ચણા-૯૯૦-૧૦૫૧
મકાઈ-૪૩૧-૪૩૧
અજમા-૧૭૦૦-૧૭૦૦
જીરૂ-૩૫૦૦-૪૨૦૦
કપાસ-૧૦૦૦-૧૫૫૧
તુવેર-૧૪૦૦-૧૪૦૦
મેથી-૧૧૦૦-૧૧૦૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૩૫૫-૬૬૨
ડુંગળીલાલ-૧૨૧-૩૨૪
ડુંગળીસફદે-૧૭૨-૨૫૫
તલસફેદ-૫૦૦-૨૪૫૨
તુવેર-૧૦૦૧-૧૮૭૭
જીરૂ-૪૭૦૦-૪૯૦૦
ચણા-૩૩૦-૧૧૦૬
નાળીયેર-૪૯૫-૧૬૫૮
મેથી-૬૫૨-૧૦૩૫
કપાસ-૧૧૩૮-૧૪૯૯
મઠ-૧૨૦૧-૧૨૦૧

**બાબરા**
કપાસ-૧૨૫૦-૧૫૯૦
ધાણા-૧૧૪૦-૧૭૨૦
ચણા-૧૦૬૩-૧૧૧૧૭
ઘઉં-૪૪૫-૫૮૫
મેથી-૯૯૦-૧૧૧૦
જીરૂ-૪૧૭૦-૪૮૦૦
મગફળી-૧૧૭૨-૧૧૮૯
તુવેર-૧૫૬૦-૧૭૧૦

**ધારી**
કપાસ-૧૧૬૧-૧૪૯૬
તુવેર-૧૪૭૦-૧૬૮૦
મગફળી-
જુવાર-૬૨૫-૬૨૫
ચણા-૧૦૧૧-૧૦૮૦
ઘઉં-૪૦૧-૬૦૦
મેથી-૧૦૩૦-૧૧૫૫
સોયાબીન-૫૭૦-૭૯૦
ધાણા-૧૨૦૧-૧૪૨૧

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૯૭૭-૧૨૦૪
તલસફેદ-૨૩૦૦-૨૫૦૦
જીરૂ-૩૨૦૦-૫૦૦૦
તુવેર-૧૫૮૦-૧૯૦૦
કપાસ-૧૩૫૧-૧૫૧૧
ઘઉં-૪૨૫-૫૩૫
મેથી-૯૫૦-૧૩૧૧
ધાણા-૧૪૦૦-૧૭૨૧
ચણા-૧૦૦૦-૧૧૩૮
રાયડો-૮૭૦-૧૧૭૨
જુવાર-૪૦૦-૯૮૬

**ખાંભા**
કપાસ-૧૨૯૦-૧૫૫૧
મેથી-૧૦૭૦-૧૦૭૫
ચણા-૧૦૫૨-૧૦૯૫
ઘઉં-૫૫૫-૫૬૦
બાજરો-૪૬૪-૪૬૪
મકાઈ-૫૦૦-૫૦૦
જુવારસફેદ-૮૦૨-૮૦૨
મેથી-૧૦૭૦-૧૦૭૫

**બગસરા**
તુવેર-૧૦૦૦-૧૫૦૧
લસણ-૧૩૦૫-૧૩૦૫
ઘઉંલોકવન-૩૦૦-૪૩૯
ઘઉંટુકડા-૩૩૫-૪૫૫
મગ-૧૮૫૦-૧૮૫૦
ચણા-૯૧૫-૧૦૭૦
ધાણા-૧૨૦૦-૧૩૭૦
રાય-૮૯૦-૯૬૪
રાજગરો-૧૦૦૦-૧૦૦૦
મેથી-૯૬૦-૯૬૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૦૦-૫૨૦
દાડમ-૪૦૦-૧૧૦૦
મુસંબી-૫૦૦-૭૫૦
સંતરા-૫૦૦-૯૦૦
કીવી-૩૦૦૦-૫૧૦૦
ડ્રેગન ફ્રુટ-૨૨૦૦-૩૧૦૦
માલટા-૫૦૦-૭૦૦
ટેટી-૩૦૦-૬૫૦
કેળા-૪૦૦-૫૫૦
પોપૈયા-૩૦૦-૪૨૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૦૦૦-૩૧૦૦
અનાનસ-૯૦૦-૧૨૦૦

**લીલીયા**
કપાસ-૧૧૫૨-૧૫૨૦જચચ

## અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૪૦.૩
ન્યુનતમ તાપમાન ૨૨.૫
ભેજનું પ્રમાણ ૪૦
પવનની ગતિ સરેરાશ-.૬.૮

### અવસાન નોંધ

બગસરા

મોટા મુંજીયાસર નિવાસી કાંતિભાઈ હરજીવનભાઈ જોશી(ઉંવર્ષ ૭૫) તેવ્રજલાલતથા કમલેશ દલપતભાઈ હેમંતભાઈ મનસુખભાઈ ના ભાઈ તથા કિશોરભાઈ ના મામા નું અવસાન થયેલ છે તેમનું બેસણું તારીખ ૨૫ ના ૪થી ૬મોટા મુંજીયાસર પોતાના નિવાસ્થાને રાખેલ છે

## અમરેલીના જેસીંગપરામાં આજે રામધુન યોજાશે

અમરેલી, તા ૨૩/૩/૨૪ના રોજ જેસીગપરા ઝુંપડી વાળા હનુમાનજી મંદિરે અમરેલી ના તમામ ધૂન મંડળના ભાઈઓ તથા બહેનો નો ધુન નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે તો આ ભગવાનના કામમાંપધારવાહાર્દિકનિમંત્રણ સાંજે ૫-૦૦ થી૭-૦૦બહેનોનો ધુન નો કાયેકમ ત્યાર બાદ પ્રસાદ આને ૮-૦૦વાગે પૂજારીઓની સન્માન બાદ પુરૂષો નો ધુનનોકાયેકમપધારવાહાર્દિકનિમંત્રધર્મ જાગરણ વિભાગ સંયોજક ભીખુભાઈ અગ્રાવત દ્વારા જણાવાયું છે.


દરેક પ્રકારનાં વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર, વિઝી કૂલર બનાવનાર...

SINCE 1999

ઓથૉ. ડીલર :

Haier VOLTAS Rockwell HI-FROST BLUE STAR

તુલસી રેફ્રીજરેશન

છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..

દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી

મો.૯૪૨૬૨ ૮૭૦૯૭

જય ઉમિયા માતાજી ॐ નમો નારાયણ જય નાગનાથ મહાદેવ

94281 90118

યુવાનોને ક્રેઝી બનાવવાનું સરનામું એટલે...

ઉમિયા ફેશન

એક જ ભાવ

સાઇઝ S TO 5XL

લગ્ન સરાની સીઝનને અનુરૂપ પાર્ટીવેર કલેક્શન

ફોર્મલવેરના સ્પેશ્યાલીસ્ટ

◆ કોટન ટ્રાઉઝર ◆ કેઝ્યુઅલ શર્ટ ◆ જીન્સ ◆ ફેન્સી શર્ટ ◆ ટી-શર્ટ

તેમજ ટ્રેકપેન્ટની વિશાળ રેન્જ જોવા પધારો.

સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)

વી. કે. મોટર્સ

VK MOTORS Giving you joy of Best Ride...

MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI

CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧

લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.

e_mail:kanpariyavipul4025@gmail.com

આપના વાહનમાં કાર્બન કલીનીંગ કરાવો અને વાહનનું આયુષ્ય વધારો...

વિકસીત દેશોમાં પ્રચલીત અને ભારતમાં ધુમ મચાવતી આ ટેકનોલોજી હવે આપણા અમરેલી શહેરમાં ઉપલબ્ધ. હાઇડ્રોઓક્સી ગેસની મદદથી સરળ અને સલામત રીતે એન્જીનમાં જમા થયેલ કાર્બનની જડમુળથી સફાઇ

કાર્બન કલીનીંગથી થતા ફાયદાઓ

- પીક - અપ વધે છે.
- એવરેજ વધે છે.
- ધુમાડો (પોલ્યુશન) ઘટે છે.
- વાયબ્રેશન, લોકીંગ ઘટે છે.
- એન્જીન ઓઇલનો વપરાશ ઘટે છે.
- એન્જીનનાં ખર્ચાળ રીપેરીંગ ઘટે છે.
- એન્જીનનો અવાજ ઘટે છે.
- એન્જીનની તાકાત વધે છે.
- એન્જીનની કાર્યદક્ષતા વધે છે.
- એન્જીનનું આયુષ્ય વધે છે.

એન્જીનનું કાર્બન કલીનીંગ થયા પછી ડ્રાઇવીંગ કરવામાં એક અનેરો અહેસાસ મહેસુસ થાય છે.

અદ્યતન ટેકનોલોજીથી માત્ર એન્જીનનું 30 કાર્બન કલીનીંગ મેળવો નવા એન્જીન જેવું પરફોર્મન્સ તે પણ એન્જીન ખોલ્યા વિના.

વધુ વિગત માટે આજે જ સંપર્ક કરો

ગુલઝાર કાર ટાયર કેર

અયુબભાઇ ટાંક મો.૯૮૨૪૪ ૫૮૫૩૦

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, જી.ઇ.બી.ગલી કોર્નર, અમરેલી

લાભમ્ લઈને આવે છે. પ્રાઈમ લોકેશનની પ્રોપર્ટી...

| બંગ્લોઝ | પ્લોટ | ફ્લેટ | ખેતીની જમીન |
|---|---|---|---|
| 4 BHK કે.કે.પાર્ક | ૬.૫ મી×૧૬૦૦ મીટર કે.કે.પાર્ક | 2 BHK શિવલીલા માણેકપરા | મોટા માચીયાળા ચાલુ ખેતીવાડી કુવો - લાઇટ - ૫ એકર જમીન ફુંકી મારવાની છે |
| 2 BHK કે.કે.પાર્ક | ૯.૩૫×૧૫, મીટર પ્રમુખસ્વામીનગર | 2 BHK આંગન ફ્લેટ | સલડી પહેલા દાડમાં પાટીયા પાસે ૨.૫ વિઘા જમીન |
| 2 BHK પ્રગતિનગર | ૯.૨૦×૧૩, મીટર ધરમનગર | 1 BHK વિશ્વાસ અને સનફ્લાવર | વાકીયા ગામના પાટીયા પહેલા વાવેતરવાળી ૧૦ વિઘા જમીન વેચવાની છે. |
| 4 BHK ગંગાવિહાર | ૮.૬૭×૧૭ મીટર વૃજભૂમિ–૧૩૭ | 2 BHK વાળા 3 ફ્લેટ ગોકુલધામ | બગસરાના પાધરમાં ૫ થી ૧૪ વિઘા ફળદ્રુપ જમીન તાત્કાલીક વેચવાની છે. |
| 3&5 BHK અક્ષરપાર્ક | ૯.૫ વસા + ૮ વસા =૧૭ વસા ઔદ્યોગિક નેશનલ હાઈવે ટચ | 1 BHK સંકુલ સામે | ધારી રોડ ઉપર નેશનલ હાઇવે ટચ ૧। વિઘો બિનખેતીમાં ફેરવાયેલ જમીન વેચવાની છે |
| 3 BHK પુષ્કરધામ | શિવલીલામાં નાના મોટા પ્લોટ વસાના ૮.૫૦ લાખ | માણેકસ્થંભ 2 BHK ફ્લેટ | |
| 3&5 BHK સંકુલ સામે | | | |
| 2&3 BHK પ્રમુખસ્વામી | | | |
| 2&3 BHK ધરમનગર | | | |
| 2&3 BHK યોગીનગર | | | |

- અમરેલી ગુણાતીતનગરમાં 1BHK અને રિલાયન્સ પાછળ 2BHK વેચવાનું છે
- ખેડૂત ખાતેદારનો દરજ્જો ચાલુ રાખવા માટે તદ્દન સસ્તી ૫ વિઘા જમીન
- નારાયણનગરમાં 2BHK ફર્નિચર સાથે ઉતર દ્વારનું લોનેબલ મકાન ૧૭.૫૦ લાખ
- યોગીનગરમાં 3BHK ઉગમણા બારનું રોડ નજીકનું લોનેબલ મકાન

અમરેલીથી ૧૨ કિમીના અંતરે શૈક્ષણિક હેતુ માટે બિનખેતી થયેલ ૨.૫ વિઘા તમામ સુવિધા સાથેનું ૧ થી ૧૦ ધોરણ ની મંજુરીવાળી તૈયાર સ્કૂલ

વધુ વિગત માટે : લાભમ્ પ્રોપર્ટીઝ : 94289 70954 બપોરે ૨ થી ૩ દરમિયાન ફોન કરવો નહી


## પ્રથમ વાર્ષિક સ્મરણાંજલી



મર્હુમાં આસુબેન અલારખભાઈ ખોખર
પ્રથમ મહિલા સરપંચ - વિજપડી
મર્હુમ તા.૧૨,રમઝાન, શુક્રવાર - ૨૦૨૩

આજે પણ આપના લોખંડી મનોબળ અને પરોપકારી ભાવનાને લોકો યાદ કરે છે, 'કોઈની વિરૂધ્ધ સહિ નહી કરૂ' એવુ ચુંટણી સભામાં એલાન કરાવનાર ૫૩૮ મતોની લીડથી ચુંટાયેલા મર્હુમાં આસુબેન અલારખભાઈ ખોખરને અમો શ્રધ્ધાંજલી પાઠવીયે છીએ

**દુઆગીર**

મહેબુબભાઈ ખોખર - પુર્વ સરપંચશ્રીઓ
હારૂનભાઈ ખોખર - હાજી અકબરઅલી મુની (અમેરીકા)
રહીમભાઈ ખોખર - હાજી હબીબભાઈ મુલ્તાની (અમદાવાદ)
કયુમભાઈ ખોખર - એડવોકેટ યાકુબભાઈ રસભર્યા
ગ્રામજનો - વિજપડી (સીની.મોસ્ટ રીપોર્ટર, સા.કુંડલા)

# અમરેલી નાગરિક સહકારી બેંક લિ. અમરેલી

નાગરિક ભવન કેરીયા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧

## જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી નીચે દર્શાવેલ લીસ્ટ મુજબના બેંકના લોન-ડીફોલ્ટરોને સુચના આપવામાં આવે છે કે, લીસ્ટમાં દર્શાવેલ કોલમ નં.૬ ની તેમના નામ સામેની ચડત રકમ દિન-૭ માં ભરપાઈ કરી જવી. અન્યથા બેંક તમોની સામે વસુલાત અંગેની તમામ કાર્યવાહી તુરંત હાથ ધરશે જેની લાગતા વળગતાઓએ ગંભીર નોંધ લેવી.

## બેંકના બાકીદારોની વિગત દર્શાવતુ લીસ્ટ

| ક્રમ | લોનીનું નામ | લોન ખાતા નં. | સરનામું | તા. ૨૧/૦૩/૨૦૨૪ ના રોજ કુલ બાકી રૂા. + વ્યાજ | ભરવાપાત્ર ચડત રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 1 | રસીકભાઈ લક્ષ્મણભાઈ સાંગાણી | MCC-23 | 'નવિન નિવાસ', સુખનાથપરા, શેરી નં. ૭, અમરેલી. | 3896000 | 3896000 |
| 2 | સ્માર્ટ ટી કંપનીના ભાગીદાર<br>(૧) જગદીપભાઈ નવનીતભાઈ પારેખ<br>(૨) વિનોદભાઈ શાંતિલાલ કોટડીયા<br>(૩) રમેશભાઈ ભીમજીભાઈ પટોળીયા | HYP-675 | વૃજરાજ,પોસ્ટલ સોસાયટી, ચિતલ રોડ,અમરેલી<br>ખોડીયારનગર - ૧,લીલીયા રોડ, અમરેલી<br>અમૃતધારા સોસાયટી,શેરી નં.૨ ચકકરગઢ રોડ,અમરેલી | 3073000 | 3073000 |
| 3 | કરીમભાઈ બાબુભાઈ લાખાણી (તે અલી એન્ટરપ્રાઈઝના પ્રો.) | HYP-666 | મીની કસ્બા–૧, શેરી નં.૧, તારવાડી રોડ, અમરેલી. | 1732000 | 1732000 |
| 4 | રમણીકભાઈ ધનજીભાઈ ગોલ | MCC-14 | બ્લોક નં.૩, જીઈબી સોસાયટી, કેરીયારોડ, અમરેલી | 1431000 | 1431000 |
| 5 | બી. એસ. પેટ્રોલીયમ ના પ્રો. સાહીલભાઈ રફીકભાઈ મોગલ | HYP-719 | મુ.' ગોખરવાળા રે. મોગલફળી, કસ્બાવાડ અમરેલી | 1290000 | 1290000 |
| 6 | અતુલકુમાર ભાલચંદ્ર જાની | SM-1581 | પોસ્ટલ સોસાયટી ચિતલ રોડ અમરેલી | 2278000 | 650000 |
| 7 | સારીકાબેન સંદિપભાઈ સાગર | SM-1266 | શ્રીનાથજી કોમ્પ્લેક્ષ, સ્ટેશન પ્લોટ, મુ. ધારી | 645000 | 645000 |
| 8 | હસનભાઈ ઉમરભાઈ બ્લોચ | SM-1609 | ગેસ ગોડાઉન પાસે, તારવાડી રોડ મીની કસ્બા,અમરેલી | 1301000 | 500000 |
| 9 | સ્વ.દિનેશભાઈ લાલજીભાઈ અકબરી ના વારસદારો દયાબેન, ભુમિકાબેન, કૃણાલભાઈ | SL-13 | તમામ રહે. બ્લોક નં. ૧૨, ગજાનંદ રેસીડેન્સી, રોકડીયાપરા, અમરેલી. | 477000 | 477000 |
| 10 | ભાવેશભાઈ હર્ષદભાઈ અધ્યારૂ મિતલબેન ભાવેશભાઈ અધ્યારૂ | SM-1729 | બન્ને. રે. ચંદ્રમોલી જડેશ્વર નગર, જલારામનગર પાસે હનુમાનપરા રોડ અમરેલી | 1911000 | 400000 |
| 11 | તારક દિનેશભાઈ મકવાણા | BJ-341 | રામનગર, શેરી નં.૬, બ્રાહમણ સોસાયટી, અમરેલી | 367000 | 367000 |
| 12 | પ્રવિણભાઈ મહાદેવભાઈ ભોસલે | SM-1558 | આદિત્ય એપાર્ટમેન્ટ નાગનાથ મંદિર પાસે | 350000 | 350000 |
| 13 | બાપા સીતારામ ટ્રાવેલ્સ ના પ્રો. જયંતિભાઈ ગોરધનભાઈ ધાનાણી | CC-246 | સત્યમ બ્લોક નં. ૩ નિલકંઠ નગર, ચકકરગઢ રોડ અમરેલી | 305000 | 305000 |
| 14 | મનુભાઈ માત્રાભાઈ વાળા | SM-1619 | લક્ષ્મીનારાયણ નગર શેરી નં. ૨ રોકડીયા પરા અમરેલી | 644000 | 250000 |
| 15 | દિલીપભાઈ મગનભાઈ દેસાઈ | SL-1 | મુ. સાંજણટીંબા, તા. લીલીયા, જિ. અમરેલી | 237000 | 237000 |
| 16 | મહેબુબરહેમાન જીયુરરહેમાન કાદરી | SL-45 | કસ્બાવાડ બાપુની હવેલી, અમરેલી | 200000 | 200000 |
| 17 | ઈલીયાસભાઈ અશરફભાઈ ધાનાણી | SL-104 | અવલમીયાનું નાકુ, ખડપીઠ, જેલરોડ, અમરેલી. | 177000 | 177000 |
| 18 | આશીફભાઈ આશીફભાઈ ડબાવાલા | SL-78 | સવજીપરા રોડ નગીના મસ્જીદ પાછળ અમરેલી | 151000 | 151000 |
| 19 | રાજેશભાઈ વૃજલાલ મોરજરીયા | SM-1574 | ગુરૂકૃપાનગર – ૨ ચિતલ રોડ અમરેલી | 485000 | 150000 |
| 20 | નંદલાલ દલીચંદભાઈ ભડકણ | SM-1732 | શેરી નં. ૨ જેશીંગપરા શીવાજી ચોક અમરેલી | 3085000 | 150000 |
| 21 | હિતેષભાઈ વિનુભાઈ પરમાર | JB-6433 | સિધ્ધી વિનાયક સોસાયટી, બ્લોક નં.૪૫, અમરેલી. | 142000 | 142000 |
| 22 | કૈલાસભાઈ સંપટરાવ મોરે | JB-6887 | રામજી મંદિર પાસે, સરકારવાડા, અમરેલી. | 113000 | 113000 |
| 23 | દિપકભાઈ ગોરધનભાઈ ડાભી | JB-7325 | નવી વસાહત એરપોર્ટ પાછળ ચિતલ રોડ અમરેલી | 110000 | 110000 |
| 24 | ફિરોજભાઈ કાદરભાઈ કુરેશી | JB-7025 | જીવાપરા રોડ, વાંઝા બોર્ડિંગ પાસે,અમરેલી | 100000 | 100000 |
| 25 | પ્રકાશભાઈ પ્રવિણભાઈ લાખાણી | SM-1635 | રણછોડનગર, શેરી નં.૩, ચકકગઢરોડ, અમરેલી | 420000 | 100000 |
| 26 | અવેશભાઈ નાનભાઈ બિલખીયા | SM-1660 | નુરઅલ્લા બટારવાડી મેમણ કોલોની સામે અમરેલી | 1214000 | 100000 |
| 27 | પાર્થ જયસુખભાઈ કારેલીયા | SL-184 | હીરામોતી ચોક, જય અંબે મોટર ગેરેજ અમરેલી | 284000 | 100000 |
| 28 | હુસેનશા ઈસ્માઈલશા શેખ | SM-1482 | જુમ્મા મસ્જીદ પાસે કસ્બાવાડ અમરેલી | 92000 | 92000 |
| 29 | સલીમભાઈ ફીદાહુસેનભાઈ મીઠાણી (તે પિન્ટૂ ગૃહ ઉદ્યોગના પ્રો.) | JB-6667 | મીની કસ્બા, શેરી નં.૧, તારવાડી રોડ, અમરેલી. | 88000 | 88000 |
| 30 | પ્રદિપ નરેશભાઈ વાઘેલા | JB-7294 | અવધ હોટલ સામે માર્કેટ યાર્ડ રોડ અમરેલી | 83000 | 83000 |
| 31 | ભરતભાઈ ખોડાભાઈ ભુવા | JB-6719 | પટેલ કન્યા છાત્રાલય પાસે, મુ. મોટા લીલીયા | 79000 | 79000 |
| 32 | જુલ્ફીકરભાઈ નુરૂદીનભાઈ દોઢીયા | JB-6714 | મીની કસ્બા, શેરી નં.૧, તારવાડી રોડ, અમરેલી. | 77000 | 77000 |
| 33 | કીરીટભાઈ હસમુખભાઈ રાઠોડ | JB-7173 | ગાયત્રી સોસાયટી, બટારવાડી ,અમરેલી | 76000 | 76000 |
| 34 | ફૈજલ રજાકભાઈ લીલા | SL-147 | ખડ પીઠ જુની સબ જેલ પાછળ અમરેલી | 169000 | 70000 |
| 35 | વસીમભાઈ ફારૂકભાઈ પરમાર | SL-216 | નગીના મસ્જીદ બાપચાવાડ અમરેલી | 314000 | 70000 |
| 36 | સલીમભાઈ હસનભાઈ હમજા | JB-7030 | મીની કસ્બા, શેરી નં.૧, તારવાડી રોડ, અમરેલી | 60000 | 60000 |
| 37 | જાવેદભાઈ મજીદભાઈ પઠાણ | JB-6683 | પુરબીયાવાડ, જુમ્મા મસ્જીદ,અમરેલી | 56000 | 56000 |
| 38 | ફરદીન અમીનભાઈ ગીગાણી | SM-1707 | મડોરા શેરી બહારપરા અમરેલી | 690000 | 50000 |
| 39 | રમેશભાઈ મોહનભાઈ દેવડા | SL-100 | બહારપરા લુહાણા મહાજન વાડી સામે અમરેલી | 117000 | 50000 |
| 40 | રજાકભાઈ હબીબભાઈ લીલા | SL-110 | ખડ પીઠ જુની સબ જેલ પાછળ અમરેલી | 142000 | 50000 |
| 41 | જોહરા દિલાવરભાઈ વીરાણી | SL-195 | બ્લોક નં. ૬ પ્લોટ નં. ૧૦૬ મણીનગર અમરેલી | 265000 | 50000 |
| 42 | હાજીભાઈ અલારખભાઈ ચાવડા | JB-6971 | કુંભારવાડા, શેરી નં.૨, અમરેલી | 45000 | 45000 |
| 43 | નસીમબેન રફીકભાઈ ગામદાણી | JB-7232 | બટારવાડી, ડો. સોની હોસ્પીટલ સામે અમરેલી | 43000 | 43000 |
| 44 | તસ્લીમબેન સમીરભાઈ પરમાર | JB-7009 | બટારવાડી, ચાંદની ચોક, અમરેલી. | 39000 | 39000 |
| 45 | અમજદ હનીફભાઈ સોલંકી | JB-7083 | બહારપરા સંતોષીમાતાના મંદિરપાસે અમરેલી | 38000 | 38000 |
| 46 | સંદિપ નરેશભાઈ વાઘેલા | JB-7295 | અવધ હોટલ સામે માર્કેટ યાર્ડ રોડ અમરેલી | 74000 | 30000 |
| 47 | રફીકભાઈ ચાંદશાભાઈ જલાલી | SL-96 | કસ્બાવાડ શેરી નં. ૧ જુના ગેસ ગોડાઉન પાસે | 124000 | 30000 |
| 48 | રમેશભાઈ ભીખાભાઈ સીંધવ | SL-215 | ગુદીયા ચોરા તાઈવાડા મીની કસ્બા અમરેલી | 191000 | 30000 |
| 49 | દિનેશભાઈ મનસુખભાઈ ગોંડલીયા | JN-2471 | મન સીટી, સાવરકુંડલા રોડ બાયપાસ રોડ, અમરેલી | 29000 | 29000 |
| 50 | ચંદ્રેશભાઈ હકુભાઈ ધરજીયા | JB-7115 | શેરી ન. ૧ હનુમાનપરા અમરેલી | 26000 | 26000 |
| 51 | પિન્ટુ કેશુભાઈ સેજાણી | JB-7285 | રોકડીયા પરા, કાળ ભૈરવ પાસે અમરેલી | 51000 | 20000 |
| 52 | સરલાબેન મનસુખભાઈ સોલંકી | JB-7301 | અવધ હોટલ સામે માર્કેટ યાર્ડ રોડ અમરેલી | 57000 | 20000 |
| 53 | ઈમરાનબીન ઉમરબીન શેખ | JB-6884 | અરબવાડા મસ્જીદ પાસે, ફાતેમા મંઝીલ, કસ્બાવાડ,અમરેલી | 19000 | 19000 |
| 54 | ફૈજલ સલીમભાઈ હમજા | JB-7139 | શેરી ન. ૧ તારવાડી રોડ મીની કસ્બા અમરેલી | 19000 | 19000 |
| 55 | યુસુફભાઈ સીદીકભાઈ તેલી | JB-6736 | ૧૭, બાગેઅમન કોલોની, કન્યાશાળા સામે, મીર સાહેબની ગલી, અમરેલી | 17000 | 17000 |
| 56 | ઈમરાનભાઈ હનીફભાઈ રાઠોડ | JB-7046 | ખત્રીવાડ, મચ્છર શેરી, જુમ્મા મસ્જીદ શેરી ,અમરેલી | 15000 | 15000 |
| 57 | જીતેન્દ્રભાઈ ડાયાભાઈ ટીમાણીયા | JB -7150 | ગજેરાપરા સાવરકુંડલા રોડ અમરેલી | 14000 | 14000 |
| 58 | લાભુબેન જીવાભાઈ ચૌહાણ | JB -7266 | અવધ હોટલ સામે માર્કેટ યાર્ડ રોડ અમરેલી | 36000 | 10000 |
| 59 | ધર્મેન્દ્રભાઈ રમણીકલાલ પારેખ | JB-7229 | એલ.આઈ.સી. ઓફીસ પાસે, નાગનાથ મંદિર પાછળ અમરેલી | 10000 | 10000 |
| 60 | રેખાબેન નરેન્દ્રભાઈ સ્વામી | JB-7342 | બાંભરોલીયાની વાડી કેરીયા રોડ અમરેલી | 42000 | 10000 |
| 61 | ભાવેશ જગદિશભાઈ ત્રિવેદી | JB-7203 | દેના બેંક સોસાયટી, હનુમાનપરા અમરેલી | 8000 | 8000 |

નોંધ :- ઉપરોક્ત આંકડાઓમાં પ્રિન્ટીંગ ભુલ હશે તો, બેંકના કોમ્પ્યુટર મુજબની બેલેન્સ માન્ય ગણાશે.

સ્થળ: અમરેલી

તારીખ: ૨૨-૦૩-૨૦૨૪

(એ.એમ.નાકરાણી)
રીકવરી ઓફિસર
અમરેલી નાગરિક સહકારી બેંક લી.,અમરેલી.

(ડિ.વી.ધોરાજીયા)
મેનેજર
અમરેલી નાગરિક સહકારી બેંક લી.,અમરેલી.

